
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં ધોધમાર વરસાદ : અઢી ઈંચ

**સાંજે ૭ થી ૯ દરમિયાન ૬૬ મી.મી. વરસાદ વરસ્યો : મોડી સાંજે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ : ઠેર ઠેર જળબંબાકાર : સાંજના સમયે અચાનક જ આકાશમાં વાદળો ગોરંભાયા : મોડી સાંજે ધોધમાર વરસાદ તુટી પડયો : સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર પાણીનો ભરાવો : જનજીવન પ્રભાવિત**





ગાંધીનગર તા ૨૨

શહેરમાં મોડીસાંજે ૭ વાગ્યે ગાજવીજ સાથે આરંભાયેલ વરસાદ ૯ વાગ્યા સુધીમાં ૬૬ મી.મી. વરસ્યો હતો. ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા હતા. છેલ્લા ચાર પાંચ દિવસોથી મહત્તમ તાપમાન પણ ૩૨ થી ૩૩ ડીગ્રી ઉપર રહેતા દિવસે બફારાથી ત્રસ્ત નગરજનો મેઘરાજા ધોધમાર વરસે તેની વાટે હતા જયારે આજે પણ દિવસ દરમિયાન વરસાદે હાજરી પુરાવી ન હતી જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ઝરમર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ જયારે થોડીવારમાં જ મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. પલવારમાં જ સેકટરોમાં વરસાદી પાણી ભરાતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી સેકટરોના રીંગ રોડ તેમજ કોમન પ્લોટ વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. દિવસની ગરમીના અંતે મોડી સાંજે વરસાદી મોસમ નિખરતા વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાદળો ગમે ત્યારે અલપ ઝલપ વરસી જાય છે. સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં મેઘ તાંડવની સ્થિતિ જોવા મળે છે. જેના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. ગાંધીનગરમાં પણ અત્યાર સુધી સિઝનનો ૫૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. અલબત્ત ૧૭ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. જયારે આજે પણ શહેરમાં દિવસ દરમિયાન તડકી છાયડી વચ્ચે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે મોડી સાંજે વરસાદી વાદળો ગોરંભાયા હતા. સાંજના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે રીમઝીમ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. શરૂઆતમાં વરસાદનો મિજાજ મંદ જોવા મળ્યો હતો. જયારે થોડીવારમાં જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. વાદળ ગર્જના અને વિજ ચમકારા વચ્ચે વરસાદી સાંજ નિખરી હતી. મોડી સાંજ બાદ અચાનક જ ધોધમાર વરસાદ તુટી પડતા શહેરના સેકટરો વરસાદ પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાયા હતા. સાંજના સમયે વરસાદ ધીમે ધારે વરસવાનુ શરૂ

● અનુસંધાન પાન-૭ પર

## સંત સરોવરમાં પાણીની આવક વધી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ગોંદરે સાબરમતી નદી પર બંધાયેલ સંત સરોવરમાં આજે પાણીની આવક વધી છે. આજે પાણીની આવક ૧૪૫ ક્યુસેક જેટલી છે. લાકરોડા વિયરમાંથી તેમજ સ્થાનિક વરસાદના પાણીની આવક થઈ રહી છે.

સંત સરોવરમાં હાલ જળ સપાટી ૫૪.૦૫ મીટર જેટલી છે. જો કે તેની ક્ષમતા ૫૫.૫૦ મીટર જેટલી છે. સંત સરોવરમાં જરૂર પડ્યે દરવાજા ખોલવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઉપરવાસમાં થઈ રહેલ ભારે વરસાદને પગલે સાબરમતી હાલ બે કાંઠે વહી રહી છે. ધરોઈમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## ભાટ ગામમાં પાણી ભરાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ભાટ ગામમાં આજે સાંજે થયેલા વરસાદને પગલે પાણી ભરાઈ જવાની અને પાણી ઘરોમાં ઘુસવા પામ્યાના અહેવાલો મળી રહયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે સાંજે (શનિવારે) જે વરસાદ નોંધાયો તેમાં ભાટ ગામમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. ગ્રામીણ વિસ્તારોમાં આ વખતે વરસાદી પાણી વધુ પડી રહયું છે જો કે સ્થાનિક કક્ષાએ હાલ પાણી નિકાલની કાર્યવાહી હાથ ધરવાનું જાણવા મળેલ છે.

## દહેગામમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં આજે શનિવારની સાંજે ૬ થી ૮ ના બે કલાકના સમયગાળામાં જ બે ઈંચ જેટલો વરસાદ નોંધાતા તાલુકામાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને તેની સીધી અસરો વાહન-વ્યવહાર પર પડી હતી.

જિલ્લામાં આજે સાંજે ૬ વાગ્યાથી સાર્વત્રિક વરસાદ શરૂ થયો છે. શનિવારે સાંજે ૬ થી ૮ના ગાળા દરમ્યાન કલોલમાં ૯, ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૪૯ તેમજ માણસામાં બે મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજે છુટા છવાયા સ્થાનોએ ભારેથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી હતી. હવામાન વિભાગે ૨૨ જુલાઈથી ૨૬ જુલાઈ સુધી

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૪ અને સે૬ માં જ અને જ-૧ કક્ષાના ૫૪ બ્લોક તોડવામાં આવશે

**શહેરના સેકટરોમાં જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે : ત્યારે એક બાદ એક જોખમી બ્લોક તોડવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત પાંચ દાયકા જુના સરકારી આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા સેકટરોમાં તબક્કાવાર આ આવાસો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. સે- ૭ માં હાલ ૯૬ જેટલા મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સે- ૨૪ અને સે- ૬ માં પણ જ અને જ- ૧ કક્ષાના વધુ ૫૪ જેટલા બ્લોક તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં સ્થિત આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે જોખમી મકાનોનો સર્વે હાથ ધરીને કડુસલો કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. શહેરના સે- ૭ માં પણ હાલ જુના આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના સે- ૬, સે-૭ સે- ૨૯ અને સે- ૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હજુ પણ નવી ટાવર કોલોની તૈયાર કરવા માટે સે- ૨૨ માં સ્થળ પસંદગી કરવામાં આવી છે. સેકટરોમાં ખુલ્લી જગ્યાનો સર્વે હાથ ધરીને નવા મકાનો બાંધવા માટે આયોજન કરાયુ છે. જો કે હજુ પણ જુના મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ હોવાના લીધે સેકટરોમાં મોટાભાગની જગ્યા ખુલ્લી થઈ જશે બીજીતરફ વર્ષોથી સેકટરોમાં સરકારી વસાહતમાં રહેતા રહીશો તેમજ સ્થાનિક વેપારીઓ પણ આવાસોનો ઢગ થયા બાદ ખાલીપાનો અહેસાસ કરતા નિયત સેકટરોમાં જ નવા આવાસો બાંધવા માટે રજુઆત કરી રહ્યા છે. આવા સંજોગોમાં શહેરમાં પાંચ દાયકાના અંતે બહુ ઓછા મકાનો રહેણાંકને લાયક છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સરકારી આવાસના અમુક બ્લોક રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. શહેરના સે- ૭ માં ૯૬ જેટલા મકાનો તોડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સે- ૨૪ માં સે- ૬ માં જ અને જ-૧ કક્ષાના કુલ ૫૪ બ્લોક તોડવા માટે આયોજન કરાયુ છે. તંત્રએ આ જોખમી મકાનો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જૂનાગઢમાં અતિ વરસાદને પગલે મુખ્યમંત્રીની સમીક્ષા બેઠક




ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા ગાંધીનગરથી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચીને કરી હતી.

જૂનાગઢમાં ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિને પગલે મુખ્ય મંત્રી શ્રી રાજકોટનો તેમનો પ્રવાસ ટુંકાવી હવાઈ માર્ગે અમદાવાદ પહોંચ્યા હતા અને ત્યાંથી વરસતા વરસાદમાં સીધા જ ગાંધીનગર સ્ટેટ કન્ટ્રોલ રૂમ આવ્યા હતા.

મુખ્યંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લા કલેકટર સાથે વિડિયો કોન્ફરન્સ કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જૂનાગઢ શહેરમાં જ્યાં વધુ પાણી ભરાયાં છે ત્યાંના લોકોને સલામત સ્થળે ખસેડવા માટેના પ્રબંધ અંગે તેમજ પાણી ગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ્સ વગેરે પહોચાડવા ની વ્યવસ્થા અંગે તેમણે જાણકારી મુખ્યમંત્રીશ્રી એ મેળવી હતી.

આ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મહેસૂલ વિભાગ ના અધિક મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ, જિલ્લા પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજ તેમજ રાહત કમિશનર આલોક પાંડે જોડાયા હતા, જૂનાગઢ કલેકટર અનિલ રાણા વસિયા તેમજ કમિશનર રાજેશ તન્ના પોલીસ અધિક્ષક તેજાએ સ્થાનિક તંત્રએ કરેલી તત્કાલ અને સમયસરની કામગીરીની માહિતી આપી હતી.

## સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે ગટર લાઈનમાં કચરાનો ભરાવો

**વરસાદના અંતે સેકટરોના કોમન પ્લોટમાં જળબંબાકાર પાણીની સાથે કચરો પણ ગટર લાઇનમાં ઠલવાતા સમસ્યા : સેકટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણીના નિકાલની વ્યસ્થાના અભાવે ચોમાસામાં ગટરો ઉભરાવાની ફરિયાદો**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવી છે. આમછતા વરસાદી દિવસોમાં ઠેર ઠેર પાણીનો ભરાવો જોવા મળે છે. સેકટરોના કોમન પ્લોટમાં પણ વરસાદી પાણીના ભરાવાના લીધે અનેકવાર સમસ્યા સર્જાય છે. કોર્પોરેશન દ્વારા સેકટરોના આંતરિક વિસ્તારમાં રીંગ રોડ અને સોસાયટીના વિસ્તારને જોડતી લાઈન નાંખવામાં આવી છે. પરંતુ સેકટરોના કોમન પ્લોટમાં હજુ વરસાદી પાણીની લાઈન નથી જેના લીધે ભારે વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે ગટરના ઢાંકણો ખુલ્લા કરી દેવાતા પાણીની સાથે કચરો પણ લાઈનમાં ગરકાવ થતા ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બનતી જાય છે.

ગાંધીનગર શહેરમાં એકબાજુ પાણી અને ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. સ્માર્ટ સીટી અન્વયે સમગ્ર શહેરમાં પાણી ગટરની વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે હાલ સેકટરોમાં કયાંક પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ સાંભળવા મળે છે તો સેકટરોની શેરીઓમાં છાશવારે ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં ઉદભવે છે સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોનો અંત આવતો નથી જયારે ગટરના મેઈન હોલમાં પણ ભંગાણ થવાના લીધે પણ સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વધી છે જો કે ગટરો ઉભરાવાની સમસ્યા પાછળ સ્થાનિકો દ્વારા પણ ગમે ત્યાં કચરો ઠાલવવામાં આવતો હોવાનુ કારણ પણ જવાબદાર છે. શહેરના જાહેર સ્થળો પર કચરાના ઢગ જોવા મળે છે. જયારે ખાસ કરીને વરસાદી દિવસોમાં આ કચરો ગટર લાઈનમાં ઘુસી જતા ગટર લાઈન ચોકઅપ થવાની સમસ્યા વધી છે. શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે માંડ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થઈ છે. થોડા સમય અગાઉ પણ શહેરના સેકટરોમાં આંતરિક વિસ્તારમાં સોસાયટીઓમાં બાકી રહેતી લાઈનનુ જોડાણ આપવા માટે કોર્પોરેશને રીંગ રોડ પણ ખોદીને ચિથરેહાલ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર


### સાઠોદરા નાગર બેસણું



સિધ્ધાર્થ પ્રદ્યુમ્ન મહેતા નું તા.૨૧-૭-૨૩ રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણુંતા.૨૩-૭-૨૦૨૩ને રવિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગજ્જર હોલ, નિર્માણ ભવન, ભાઈકાકા હોલ સામે, લો ગાર્ડન રોડ, એલીસબ્રીજ, અમદાવાદ

ગોપિકા સિધ્ધાર્થ મહેતા

ભદ્રાબેન પ્રદ્યુમ્ન મહેતા
મેહુલ પ્રદ્યુમ્ન મહેતા
ભાવન પ્રદ્યુમ્ન મહેતા
નીતા મેહુલ મહેતા
ભૈરવી ચંદ્રેશ મહેતા
વૈભવી ચિન્મય જહા
ડિમ્પલ સિધ્ધાર્થ મહેતા
યશસ્વી ચિન્મય જહા
માધવી ફાલ્ગુન કોન્ટ્રાક્ટર

### બેસણું



શ્રીમાન શૈતાનસિંહજી એચ. ચૌહાણસાહેબ નો તા.૨૦-૦૭-૨૦૨૩ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરું. સદ્દગતનું બેસણું તા.૨૪-૦૭-૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન નીચેના સરનામે રાખેલ છે.

"સુમિરન", ૩૯, સૌજન્યપાર્ક સોસાયટી, મેઈન રોડ, પેથાપુર, જી.ગાંધીનગર

ચૌહાણ રાજકમલ શૈતાનસિંહજી (પત્ની)
શ્રીમાન સંદીપસિંહજી વી. ચાવડા શ્રીમતી રૂપકમલ સંદીપસિંહજી ચાવડા
તથા સમસ્ત વાઘેલા પરિવાર, પેથાપુર. સુશ્રી કીર્તિકમલ ભૂપેન્દ્રસિંહજી વાઘેલા
મો. 98981 82731, 99799 72141


## ગાંધીનગર શહેરમાં મચ્છર-જીવાતનો ઉપદ્રવ વધ્યો

**વરસાદના કારણે ઠેર ઠેર ઉગી નીકળેલી વનસ્પતિ અને સતત ભરાઈ રહેતા પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો : રોગચાળાનો ભય**

ગાંધીનગર, તા. ૨૨

સતત વરસાદી વાતાવરણ રહેતા શહેરમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ દિવસે દિવસે વધતો જાય છે. પોરાનાશક કામગીરી અને ફોગીંગની કામગીરી કરવામાં નહી આવે તો મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાનો ભય છે.

ગાંધીનગર શહેરમાં આ વર્ષે સારો કહી શકાય તેવો વરસાદ પડી રહ્યો છે. છેલ્લા એકાદ મહિનાથી સતત વરસાદી માહોલ છવાયેલો રહ્યો છે. થોડા થોડા સમયના અંતરે વરસાદ પડી રહ્યો છે. સતત વરસાદી વાતાવરણ રહેતા શહેરમાં ઠેર ઠેર લીલુ ઘાસ ઉગી નીકળ્યુ છે. લીલુ ઘાસ ઉગી નીકળતા જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. સાંજ પડતાં જ જીવાત ઘરમાં ઘુસી આવે છે. સ્ટ્રીટલાઈટની આસપાસ પણ જીવાત ઉડતી નજરે પડે છે. સાંજે અને રાત્રે ઘરના દરવાજા ફરજીયાત બંધ રાખવા પડે છે. જીવાતની સાથોસાથ મચ્છરોનો ઉપદ્રવ પણ છેલ્લા કેટલાક દિવસોથી વધ્યો છે. સતત પાણી ભરાઈ રહેવાના કારણે મચ્છરો ખુબ વધી ગયા છે. હાલ વરસાદ ચાલુ હોવાથી પોરાનાશક કામગીરી અને ફોગીંગની કામગીરી પણ યોગ્ય રીતે થઈ શકતી ન હોવાથી મચ્છરો વધી ગયા છે. આ વર્ષે વરસાદ વધુ હોવાથી મચ્છરજન્ય રોગચાળો વકરી શકે છે. વરસાદનું પાણી ભરાઈ ન રહે તેની કાળજી વસાહતીઓએ જાતે જ લેવી જોઈએ. ઉઘાડ નીકળતા તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી ઝડપથી શરૂ કરાય તેવી રજૂઆત થઈ રહી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com